**ફોજદારી કેસ નં.-૮૪૦૭૯/૨૦૨૧**

## આંક-૧ લગત હુકમ

(૧) ફરીયાદી દ્વારા હાલની આ ફરીયાદ The Negotiable Instrument Act-1881 ની કલમ- ૧૩૮ અન્વયે તા. ૦૧-૦૯-૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલી છે. સદર કામે કેસનું રેકર્ડ તથા પ્રોસિડીંગ્સ વંચાણે લેતા સદર કેસ દાખલ થયો તે જ દિવસથી આજદિન સુધી આરોપીને પ્રોસેસ બજવાના સ્ટેજ ઉપર મુલતવી છે. તેમજ આ કામની ફરીયાદમાં જણાવેલા સરનામે આરોપીને પ્રોસેસ કરતા આરોપી તે જગ્યા ઉપર રહેતા ન હોવાના/દુકાન-મકાન ખાલી કરીને જતા રહ્યા હોવાના શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. આમ, ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા સદર કેસ દાખલ થયા બાદથી આજદિન સુધી આરોપીને પ્રોસેસ બજવાના તથા આરોપીનું નવું સરનામું રજુ કરવાના સ્ટેજ ઉપર ચાલે છે. સદર કામે રેકર્ડ વંચાણે લેતા ફરીયાદી કે તેમના વિ.વ. શ્રી નિયમિત રીતે નામદાર કોર્ટમાં હાજર રહેતા નથી તેમજ આરોપીનું નવું સરનામું રજુ કરેલ નથી કે આરોપીને અસરકારક રીતે બજવણી થાય તેવી કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૨) વધુમાં ફરીયાદી તથા તેમના વિ.વ. શ્રી આજરોજ હાજર રહેલ નથી કે તેમની ગેરહાજરી બાબતે કોઇ રીપોર્ટ કે અરજી રજુ નથી. ફરીયાદી તથા તેમના વિ.વ. શ્રી નામ. કોર્ટમાં હાજર ન હોઈ તેઓને મુદ્દત તા. ૧૬/૧૨/૨૦૨૨ના રોજની આંક-૬ વાળી નોટીસ કાઢતા તે નોટીસ બજતા તેઓ તર્ફે આરોપીનુ નાવુ સરનામુ રજુ કરવા માટે આંક- ૭ વાળી મુદ્દત અરજી આપતા તેઓની અરજી મંજુર કરવામાં આવેલી હતી ત્યારબાદ આજદિન સુધી ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી નામ. કોર્ટમાં હાજર રહેલ નથી કે તેમના તર્ફે આજદિન સુધી આરોપીનું નવું સરનામું રજુ કરવા માટે કોઇ તજવીજ કરવામાં આવેલી નથી. વધુમાં ફરીયાદ પક્ષે નામદાર કોર્ટમાં હાજર રહીને કેસની કાર્યવાહી સક્રીયપણે આગળ ચાલે તેવા જ કોઇ જ પ્રયાસો કરવામાં આવેલા હોય તેવું રેકર્ડ ઉપરથી જણાઇ આવતું નથી.

(૩) વધુમાં સદર ફરીયાદ દાખલ થયા બાદ આજદિન સુધી બજવણીના તબક્કે છે અને બજવણીના તબક્કે હોવાના કારણ માત્રથી ફરીયાદી નામદાર કોર્ટમાં હાજર ન રહે અને આરોપીને પ્રોસેસ બજાવવાની કાર્યવાહી ન કરે તે ઇચ્છનીય નથી. વધુમાં રેકર્ડ વંચાણે લેતા ફરીયાદીની ગેરહાજરીમાં ફરીયાદીના વિ.વ. શ્રી

એ નામદાર કોર્ટમાં હાજર રહી ને આરોપી સામે પ્રોસેસ બજવવાની કાર્યવાહી કરેલી નથી કે આરોપીનું સરનામું રજુ કરવાનો કોઇ સક્રીય રહીને કોઇ પ્રયાસ કરેલો હોય તેવું રેકર્ડ ઉપરથી જણાઇ આવતું નથી. વધુમાં કાયદાકીય જોગવાઇ મુજબ હાલના કેસની કાર્યવાહી કેસ દાખલ થયાના છ માસમાં પુર્ણ કરવાની હોય છે અને સદર કેસ દાખલ થયાને બે વર્ષ જેટલો સમય પુરો થવા આવ્યો હોવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થયેલી નથી અને સદર કેસ માત્ર ને માત્ર ફરીયાદ પક્ષની બેદરકારીના કારણે પેન્ડીંગ રહેવા પામેલો છે. વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા **Bhavani Textiles Mills Vs.State Of Gujarat (Cri. Appeal No. 2405 Of 2009, Dt. 18.01.2010)** ના ચુકાદાના પેરા નં.- ૪ માં ઠરાવ્યા પ્રમાણે જો ફરીયાદી કે તેમના વિ.વ. શ્રી લાંબા સમયથી કેસની કાર્યવાહી માં હાજર રહેતા ન હોય અને કેસની કાર્યવાહી આગળ વધારવા માટે કોઇ સક્રીય પ્રયાસ કરતા ન હોય તો તે ફરીયાદ પક્ષની બેદરકારી ગણાય અને ફરીયાદ પક્ષ ની બેદરકારીના કારણે ફરીયાદીની ફરીયાદ રદ્દ કરવાને પાત્ર છે.

(૪) આમ,ઉપર કરેલી ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રીએ નિયમિત હાજર રહીને કેસની કાર્યવાહી આગળ ચાલે તેવા કોઇ પ્રયત્નો કરેલા નથી કે આરોપીને અસરકારક રીતે પ્રોસેસની બજવણી થાય તેવું કોઇ સરનામું રજુ કરેલ નથી કે હકીકત ધ્યાને લેતા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ - ૨૫૬ અન્વયે હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ્દ થવાને પાત્ર હોય ન્યાયના વિશાળ હિત માં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::::::::::હુકમ::::::::::**

ફરીયાદ પક્ષની ગેરહાજરી તથા આરોપી સામે પ્રોસેસની બજવણી માટેના સરનામાના અભાવે હાલની ફરીયાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૬ અન્વયે રદ્દ કરવામાં આવે છે તથા આરોપીને તેની સામેના The Negotiable Instrument Act-1881 ની કલમ-૧૩૮ અન્વયેના તહોમતમાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજરોજ તા. ૧૩ મી માહે - મે સને - ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ-૧૩-૦૫-૨૦૨૩**
**સ્થળ-સુરત**

**(અમીત રમેશચંદ્ર ત્રીવેદી)**
**એડીશનલ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ**
**ફસ્ટ કલાસ,સુરત**